## કેવિકે, દેવાતજ ખાતે માનનીય વડાપ્રધાનશ્રીનું ખેડૂતો સાથે સંવાદનું જીવંત પ્રસારણ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે આજ તા. ૨૦/૦૬/૨૦૧૮ ના રોજ સવારે ૯.૩૦ થી ૧૧.૦૦ કલાક દરમ્યાન ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના ખેડૂતો સાથેના થયેલ સંવાદના જીવંત પ્રસારણમાં જોડાવવા સારૂ જિલ્લાના જુદા જુદા ગામોમાંથી ૧૦૪ જેટલા ખેડૂત ભાઇઓ અને મહિલા ખેડૂતો હાજર રહ્યા હતાં. તદ્દઉપરાંત ૧૧.૦૦ કલાકે આણંદ કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. અરુણ પટેલે ખેડૂતોની આવક બમણી કરવા માટે કૃષિ યુનિવર્સિટીની ખેડૂતલક્ષી ભલામણો અપનાવવા વિષે ચર્ચા કરી. જેથી તેમની ખેતીનો ખર્ચ ઘટાડી શકાય અને આવક વધારી શકાય. વધુમાં તેઓએ જણાવ્યું કે આવનાર ભવિષ્ય સજીવ ખેતીનું છે એટલે ખેડૂતો સજીવ ખેતી તરફ જાય તો આવક વધવાની શક્યતા છે. ડૉ. અરુણ પટેલે ખેડૂતોને આણંદ કૃષિ યુનિવર્સિટીની કૃષિ ગોવિદ્યા તેમજ કિસાન કોલ સેન્ટર “૧૫૫૧” વિષે પણ માહિતગાર કર્યા. કાર્યક્રમના અંતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. જી. જી. પટેલે ખેડૂતોને તેમના ખેતીની આવકમાં વધારો કરવા કે.વિ.કે. નો સહયોગ લેવા જણાવી, આભાર વિધિ કરી કાર્યક્રમ પુર્ણ કરેલ.

# કાર્યક્રમની ઝાંખીઓ





